# PG-Orientation-Induction Programme 2026-27

Managed by Arya Kanya Vidyalaya Trust

## Gurukul Mahila Arts and Commerce College

At & Post : Tapobhumi, Arya Kanya Gurukul Campus, Jubilee, Bokhira Vistaar,
PORBANDAR– 360579 GUJ INDIA
Re-Accredited 'B++' (CGPA 2.99) by NAAC
Phone : +91 286 2245561|+91 9374129126

# ગુરુકુળ મહિલા આર્ટ્સ્ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર

# ORIENTATION PROGRAM

**પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓ માટે અભિમુખીકરણ કાર્યક્રમ**

## હાર્દિક સ્વાગત

M.A. (English), M.Com. અને M.A. (ગુજરાતી)ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થિનીઓના શૈક્ષણિક જીવનની નવી શરૂઆતને આવકારવા માટે Orientation Programનું આયોજન કરવામાં આવ્યું છે.

" શિક્ષણથી જ્ઞાન તરફ, જ્ઞાનથી પ્રગતિ તરફ અને પ્રગતિથી સશક્તિકરણ તરફ..."

### કાર્યક્રમની વિગતો

| | |
|---|---|
| તારીખ | ૨૭/૦૮/૨૦૨૬ |
| સમય | બપોરે ૧૨:૦૦ વાગ્યે |
| સ્થળ | A. V. Room, ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર |
| ભાગ લેનાર વિદ્યાર્થિનીઓ | M.A. (English), M.Com. અને M.A. (ગુજરાતી)ના પ્રથમ વર્ષના વિદ્યાર્થિઓ |
| કાર્યક્રમ સંચાલક | અમી પઢીયાર |

### કાર્યક્રમની રૂપરેખા

| ક્રમ | કાર્યક્રમ | સંચાલક / જવાબદાર |
|---|---|---|
| 1 | સમૂહ પ્રાર્થના | — |
| 2 | દીપ પ્રાગટ્ય | — |
| 3 | શાબ્દિક સ્વાગત | ડો. અરફાત સૈયદ |
| 4 | કુમકુમ તિલકથી વિદ્યાર્થિનીઓનું સ્વાગત | M.A. અને M.Com. સેમેસ્ટર–3ની વિદ્યાર્થિનીઓ |
| 5 | શ્રી ધીરેન્દ્રભાઈ મહેતા પોસ્ટ-ગ્રેજ્યુએટ સેન્ટર ઓફ ઈંગ્લિશનો પરિચય | ડો. કેતકી પંડયા |
| 6 | ડો. સવિતાદીદી એન. મહેતા પી.જી. સેન્ટર ફોર ગુજરાતીનો પરિચય | ડો. શર્મિષ્ઠા પટેલ |
| 7 | શ્રીમતી મેઘાવીનીબેન ડી. મહેતા પી.જી. સેન્ટર ફોર કોમર્સનો પરિચય | શ્રી સંદીપ ઘેલાણી |
| 8 | વિદ્યાર્થિનીઓનો પ્રતિભાવ | M.A. અને M.Com. સેમેસ્ટર–3ની વિદ્યાર્થિનીઓ |
| 9 | પ્રાસંગિક ઉદ્બોધન | પ્રિન્સિપાલ શ્રી ડો. અનુપમ નાગર |
| 10 | આભારવિધિ | સંધ્યા મેડમ |
| 11 | શાંતિ પાઠ | — |

## આપનું હાર્દિક સ્વાગત છે

**ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર**

નવી શરૂઆત • નવી દિશા • નવી ઊંચાઈ

GURUKUL MAHILA ARTS & COMMERCE COLLEGE

PORBANDAR

# ORIENTATION & INDUCTION PROGRAMME

**M.A. (ENGLISH) • M.A. (GUJARATI) • M.COM. – SEMESTER 1**

27th August 2026



















*"Welcoming New Minds, Kindling New Journeys"*

Gurukul Mahila Arts & Commerce College, Porbandar

Department of English, Gujarati & Commerce | Academic Year 2026-27

ARS Nagar

GURUKUL MAHILA ARTS & COMMERCE COLLEGE

PORBANDAR

# ORIENTATION & INDUCTION PROGRAMME

**M.A. (ENGLISH) • M.A. (GUJARATI) • M.COM. — SEMESTER 1**

**27th August 2026**











*"Welcoming New Minds, Kindling New Journeys"*

Gurukul Mahila Arts & Commerce College, Porbandar
Department of English, Gujarati & Commerce | Academic Year 2026-27

ARS Nagar

GURUKUL MAHILA ARTS & COMMERCE COLLEGE, PORBANDAR

# Orientation & Induction Programme

**M.A. (English) • M.A. (Gujarati) • M.Com. — Semester I**

**27th August 2026**



*"A new academic journey begins" — Welcoming the Semester-I batch*

Gurukul Mahila Arts & Commerce College, Porbandar







ARSNagar
PRINCIPAL
Gurukul Mahila Arts & Commerce College
PORBANDAR

Gurukul Mahila Arts & Commerce College • PORBANDAR

# ગુરુકુલ મહિલા કોલેજમાં ઓરિએન્ટેશન-ઇન્ડક્શન કાર્યક્રમ

## એમ.એ. અંગ્રેજી-ગુજરાતી અને એમ.કોમ.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણ, અભ્યાસ અને કારકિર્દી અંગે માર્ગદર્શન અપાયું



તસ્વીર -રાજવીરસિંહ ચૌહાણ

પોરબંદરનાખબર

ગુરુકુલ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર ખાતે એમ.એ. અંગ્રેજી, એમ.એ. ગુજરાતી અને એમ.કોમ.માં પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓ માટે ઓરિએન્ટેશન-ઇન્ડક્શન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણના નવા તબક્કા, અભ્યાસ પદ્ધતિ, સંસ્થાકીય વ્યવસ્થા અને કારકિર્દીની તકો અંગે માહિતગાર કરવાનો હતો. કાર્યક્રમમાં એમ.એ. અને એમ.કોમ.ની વિદ્યાર્થિનીઓ ઉપરાંત બી.એ. અને બી.કોમ.ના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ પણ ઉપસ્થિત રહી હતી.

કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને આગળ વધારવામાં આવ્યો હતો. ડો. અરવિંદ ચૌહાણે મહેમાનો, અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓનું સ્વાગત કર્યું હતું. એમ.એ. અને એમ.કોમ.માં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓનું કુમકુમ તિલક અને મીઠું મોઢું કરાવી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અંગ્રેજી વિભાગના હેડ ડો. કેતકી એન. પંડ્યાએ



વીરેન્દ્રભાઈ મહેતા પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટર ઓફ ઈંગ્લિશનો પરિચય આપી વિભાગની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, અભ્યાસક્રમ અને અધ્યાપકો અંગે માહિતી આપી હતી.

ડો. શર્મિષ્ઠા પટેલે ડો. સવિતાદીદી એન. મહેતા પી.જી. સેન્ટર ફોર ગુજરાતીનો પરિચય કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ સેન્ટરની શરૂઆત ચાલુ શૈક્ષણિક વર્ષથી કરવામાં આવી છે. સંયોગવશ કાર્યક્રમના દિવસે જ ડો. સવિતાદીદી એન. મહેતાનો જન્મદિવસ હોવાથી પ્રસંગ વિશેષ બન્યો હતો. ત્યારબાદ સંદીપ વેલાણીએ શ્રીમતી મેધાવીનીબેન પી. મહેતા પી.જી. સેન્ટર ફોર કોમર્સનો પરિચય કરાવી એમ.કોમ.ના અભ્યાસની વિશેષતાઓ, તકો અને વિભાગની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ડો. હરીશ મજીઠિયાએ કોમર્સ અને સાહિત્યને સાંકળતા રસપ્રદ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થિનીઓને જીવનમાં ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે શિક્ષણને માત્ર અભ્યાસ પૂરતું મર્યાદિત ન રાખી જીવનમૂલ્યો અને વ્યવહારુ જ્ઞાન સાથે જોડવાની પ્રેરણા આપી હતી. કાર્યક્રમના અધ્યક્ષ અને કોલેજના પ્રિન્સિપાલ ડો. અનુપમ નાગરે 'ઓરિએન્ટેશન' અને 'ઇન્ડક્શન'નો અર્થ સમજાવી ઉચ્ચ શિક્ષણના નવા તબક્કામાં વિદ્યાર્થિનીઓએ કેવી રીતે આગળ વધવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે અભ્યાસની સાથે શિસ્ત, સમયવ્યવસ્થાપન, આત્મવિશ્વાસ અને સર્વાંગી વિકાસને મહત્વ આપવા અનુરોધ કર્યો હતો. અંતે પ્રો. સંધ્યા મોઢવાડિયાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. અમી પઢિયારે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાર્થિની વોલન્ટિયર્સે પણ ઉત્સાહપૂર્વક જવાબદારી નિભાવી હતી.

: 30- 08- 2026

# ગુરુકુલ મહિલા કોલેજ ખાતે એમ.એ. અને એમ.કોમ.નો ઓરિએન્ટેશન-ઈન્ડક્શન કાર્યક્રમ યોજાયો

## પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણ, અભ્યાસક્રમ અને કારકિર્દી અંગે માર્ગદર્શન

સોરઠ આર્ટેક પોરબંદર

ગુરુકુલ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર ખાતે એમ.એ. (અંગ્રેજી), એમ.એ. (ગુજરાતી) તથા એમ.કોમ.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓ માટે ઓરિએન્ટેશન-ઈન્ડક્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉચ્ચ શિક્ષણના નવા તબક્કાથી વિદ્યાર્થિનીઓને પરિચિત કરાવવા તેમજ અભ્યાસ, સંસ્થાકીય વ્યવસ્થા અને કારકિર્દી અંગે માર્ગદર્શન આપવાના હેતુથી યોજાયેલા કાર્યક્રમમાં અનુસ્નાતકની વિદ્યાર્થિનીઓ ઉપરાંત બી.એ. અને બી.કોમ.ના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ પણ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાનો અને આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું



હતું. ડૉ. અરજણ શિયડે મહેમાનો, અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓનું સ્વાગત કર્યું હતું. એમ.એ. અને એમ.કોમ.માં પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓનું કુમકુમ તિલક કરી અને મીઠું મોઢું કરાવી આવકાર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. અંગ્રેજી વિભાગના હેડ ડૉ. કેતકી એન. પંડ્યાએ વીરેન્દ્રભાઈ મહેતા પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટર ઓફ ઈંગ્લિશનો પરિચય આપી વિભાગની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, અભ્યાસક્રમ અને અધ્યાપકો અંગે માહિતી આપી હતી. ડૉ. શર્મિલા પટેલે સવિતાદીદી એન. મહેતા પી.જી. સેન્ટર ફોર ગુજરાતીનો પરિચય કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ સેન્ટરની શરૂઆત ચાલુ શૈક્ષણિક વર્ષથી કરવામાં આવી છે. કાર્યક્રમના દિવસે જ સવિતાદીદી એન. મહેતાનો જન્મદિવસ હોવાનો વિશેષ યોગાનુયોગ પણ રહ્યો હતો. સંદીપ દેસાઈએ મેઘાવીનીબેન ડી. મહેતા પી.જી. સેન્ટર ફોર કોમર્સનો પરિચય આપી કોમર્સ વિભાગની વિશેષતાઓ, અભ્યાસની તકો અને વિભાગની પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. હરીશ મજીઠિયાએ કોમર્સ અને સાહિત્યને સાંકળીને રસપ્રદ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થિનીઓને જીવનોપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તેમજ શિક્ષણને જીવનમૂલ્યો અને વ્યવહારુ જ્ઞાન સાથે જોડવાની પ્રેરણા આપી હતી. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અનુપમ નાગરે 'ઓરિએન્ટેશન' અને 'ઈન્ડક્શન'નો અર્થ સમજાવી ઉચ્ચ શિક્ષણના નવા તબક્કામાં સફળતાપૂર્વક આગળ વધવા માટે વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે અભ્યાસ સાથે શિસ્ત, સમયવ્યવસ્થાપન, આત્મવિશ્વાસ અને સર્વાંગી વિકાસને મહત્વ આપવા પ્રેરણા આપી હતી. અંતે પ્રો. સંધ્યા મોઢવાડિયાએ આભારવિધિ કરી હતી, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. અમી પરિયાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાર્થિની વોલન્ટિયર્સે ઉત્સાહપૂર્વક જવાબદારી નિભાવી હતી.

# ગુરૂકુલ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ઓરિએન્ટેશન ઈન્ડક્શન કાર્યક્રમ યોજાયો

ખબર જગત-પોરબંદર

ગુરુકુલ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર ખાતે એમ.એ. (અંગ્રેજી), એમ.એ. (ગુજરાતી) તથા એમ.કોમ.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ લેતા વિદ્યાર્થિનીઓ માટે ઓરિએન્ટેશન ઇન્ડક્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણના નવા તબક્કાથી પરિચિત કરાવવા તેમજ અભ્યાસ, સંસ્થાકીય વ્યવસ્થા અને કારકિર્દી અંગે માર્ગદર્શન પૂરું પાડવાના ઉદ્દેશથી યોજાયેલા આ કાર્યક્રમમાં એમ.એ. અને એમ.કોમ.ની તમામ વિદ્યાર્થિનીઓ ઉપરાંત બી.એ. અને બી.કોમ.ના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ પણ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનો અને આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ડૉ. અરજણ શિયડ દ્વારા ઉપસ્થિત મહેમાનો, અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓનું શબ્દો દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

એમ.એ. અને એમ.કોમ.માં પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓનું કુમકુમ તિલક તથા મીઠું મોઢું કરાવીને આવકાર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અંગ્રેજી વિભાગના હેડ ડૉ. કેતકી એન. પંડ્યાએ શ્રી વીરેન્દ્રભાઈ મહેતા પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટર ઓફ ઈંગ્લિશ (એમ.એ.- અંગ્રેજી)નો વિસ્તૃત પરિચય આપ્યો હતો. તેમણે અંગ્રેજી વિભાગની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, અભ્યાસક્રમ તેમજ વિભાગના અધ્યાપકો વિશે વિદ્યાર્થિનીઓને વિસ્તૃત માહિતી આપી હતી.



ડૉ. શર્મિલા પટેલે ડૉ. સવિતાદીદી એન. મહેતા પી.જી. સેન્ટર ફોર ગુજરાતી (એમ.એ. - ગુજરાતી)નો પરિચય કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ સેન્ટરની શરૂઆત ચાલુ શૈક્ષણિક વર્ષથી જ કરવામાં આવી છે. આ પ્રસંગનો વિશેષ યોગાનુયોગ એ પણ રહ્યો કે કાર્યક્રમના દિવસે જ ડૉ. સવિતાદીદી એન. મહેતાનો જન્મદિવસ આવતો હતો. ડૉ. શર્મિલા પટેલે ગુજરાતી વિભાગના અધ્યાપકો તથા વિભાગની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે પણ વિદ્યાર્થિનીઓને માહિતગાર કરી હતી.

સંદીપ દેસાઈએ શ્રીમતી મેઘાવીનીબેન ડી. મહેતા પી.જી. સેન્ટર ફોર કોમર્સ (એમ.કોમ.)નો પરિચય કરાવ્યો હતો. તેમણે કોમર્સ વિભાગની વિશેષતાઓ, અભ્યાસની તકો તેમજ વિભાગના અધ્યાપકોનો પરિચય વિદ્યાર્થિનીઓને કરાવ્યો હતો.

ડૉ. હરીશ મજીઠિયાએ કોમર્સ અને સાહિત્યને સાંકળીને રસપ્રદ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થિનીઓને જીવનમાં ઉપયોગી બને તેવું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે શિક્ષણને માત્ર અભ્યાસ પૂરતું સીમિત ન રાખી, તેને જીવનમૂલ્યો અને વ્યવહારુ જ્ઞાન સાથે જોડવાની પ્રેરણા આપી હતી.

કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત ગુરુકુલ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અનુપમ નાગરએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં 'ઓરિએન્ટેશન' અને 'ઇન્ડક્શન'નો અર્થ સમજાવી, ઉચ્ચ શિક્ષણના આ નવા તબક્કામાં વિદ્યાર્થિનીઓએ કેવી રીતે આગળ વધવું જોઈએ તે અંગે જીવનલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થિનીઓને અભ્યાસ સાથે શિસ્ત, સમયવ્યવસ્થાપન, આત્મવિશ્વાસ અને સર્વાંગી વિકાસને મહત્વ આપવા પ્રેરિત કરી હતી.

અંતે સમગ્ર કાર્યક્રમની આભારવિધિ પ્રો. સંધ્યા મોઢવાડિયા દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સુવ્યવસ્થિત સંચાલન પ્રો. અમી પરિયાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે વિદ્યાર્થિની વોલન્ટિયર્સે ઉત્સાહપૂર્વક જવાબદારી નિભાવી હતી.

ARS Nagar

## Gurukul Mahila Arts and Commerce College, Porbandar Hosts Orientation-Induction Programme for M.A. and M.Com. Students

Gurukul Mahila Arts and Commerce College, Porbandar organised an Orientation-Induction Programme for students newly admitted to the first year of M.A. (English), M.A. (Gujarati), and M.Com. The programme was organised with the objective of familiarising students with the new phase of higher education and providing them with guidance regarding academics, institutional processes and career opportunities. Along with the newly admitted postgraduate students, final-year B.A. and B.Com. students also participated enthusiastically in the programme.

The programme commenced with a group prayer, followed by the ceremonial lighting of the lamp by the dignitaries and faculty members. Dr. Arfat Saiyed extended a warm welcome to the distinguished guests, faculty members and students. The newly admitted M.A. and M.Com. students were warmly welcomed with traditional kumkum tilak and the customary sweet welcome.

Dr. Ketki N. Pandya, Head of the Department of English, introduced the Shri Dhirendrabhai Mehta Post Graduate Centre of English (M.A. – English). She provided the students with detailed information about the academic activities, curriculum and faculty members of the English Department.

Dr. Sharmishtha Patel introduced the Dr. Savitadidi N. Mehta PG Centre for Gujarati (M.A. – Gujarati). She informed the students that the centre had commenced from the current academic year. A special coincidence of the occasion was that the programme also marked the birthday of Dr. Savitadidi N. Mehta. Dr. Sharmishtha Patel further acquainted the students with the faculty members and academic activities of the Gujarati Department.

Shri Sandeep Ghelani introduced the Shrimati Meghaviniben D. Mehta PG Centre for Commerce (M.Com.). He highlighted the distinctive features of the Commerce Department, the opportunities available through the programme and introduced the faculty members to the students.

Dr. Harin Majithiya subsequently delivered an engaging session connecting Commerce and Literature through interesting explanations and examples. He encouraged students to look beyond academics and integrate education with life values and practical knowledge.

The keynote address was delivered by Dr. Anupam Nagar, Principal of Gurukul Mahila Arts and Commerce College and Chairperson of the programme. Explaining the meaning and significance of "Orientation" and "Induction," he guided the students on how to successfully navigate this new phase of higher education. He encouraged them to give equal importance to academics, discipline, time management, self-confidence and holistic development. Emphasising the broader purpose of education, he highlighted the four pillars of learning—**Learning to Know, Learning to Do, Learning to Be and Learning to Live Together**—and encouraged students to integrate knowledge, practical skills, personal development and social harmony in their educational journey. He stressed that such an integrated approach to education can empower students to contribute meaningfully to social progression and the development of society.

The programme concluded with a vote of thanks delivered by Prof. Sandhya Modhwadia. The programme was efficiently and gracefully compered by Prof. Ami Padhiar. Student volunteers enthusiastically contributed to the successful organisation and smooth conduct of the programme.

ARS Nagar